વાયબ્રન્ટ એક્ઝીબેશન સેન્ટર પાસે અવરોધક બનતી ઝાડીને વન વિભાગે હટાવી. ગાંધીનગરમાં વાયબ્રન્ટ પ્રદર્શનના પગલે સેક્ટર-૧૭ની આસપાસ દબાણ અને ગંદકી મુક્ત કરાઇ રહ્યું છે ત્યારે ઝાડી કાપવાની ઘટનાથી પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ પ્રગટ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

મદદનીશની સ્પર્ધાત્મક પરીક્ષામાં ૨૨,૬૧૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે

જિલ્લામાં ૬૦ કેન્દ્રો પર આ પરીક્ષાનું આયોજન ૧૧ રૂટ પણ નિયત કરવામાં આવ્યા છે : મોડિયા

ગાંધીનગર, તા.૧

આગામી રવિવારને ૪થી જાન્યુઆરીના રોજ સચિવાલયના મદદનીશોની ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજનને લઈ જિલ્લા તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

મદદનીશની ભરતી માટે યોજાયેલ આ સ્પર્ધાત્મક પરીક્ષામાં કુલ ૨૨,૬૧૫ પરીક્ષાર્થીઓ આપનાર છે. બપોરે ૧૨ થી ૩ દરમિયા આ પરીક્ષા યોજવામાં આવશે.

અધિક નિવાસી જિલ્લા કલેકટર ડૉ. એમ.બી. મોડિયાએ જણાવ્યું હતું કે આ પરીક્ષા માટે જિલ્લામાં ૬૦ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા છે. જેમાં ૧૨ પરીક્ષા કેન્દ્રો ચાંદખેડા-મોટેરા પંથકમાં છે જયારે ૪૮ પરીક્ષા કેન્દ્રો ગાંધીનગર શહેરમાં છે.

તેમણે જણાવ્યું હતું કે આ પરીક્ષા માટે ૧૧ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે તેમજ કેન્દ્ર સંચાલકો સહિત ફરજ માટેના કર્મચારીઓની નિમણુંક આપી દેવામાં આવી છે. આ માટે તાલિમ પણ સંબંધિતોને આપી દેવામાં આવી છે.

સવારે ૧૦.૩૦ વાગે પરીક્ષાર્થીને પ્રવેશ જે તે કેન્દ્રમાં આપવામાં આવશે. દરેક પરીક્ષા કેન્દ્રો પર જરુરી પોલીસ બંદોબસ્ત પણ રહેશે. ડૉ. મોડિયાએ જણાવ્યું હતું કે ૧૨૦ જેટલા અધિકારીઓની સ્કવોર્ડમાં નિમણુંક કરવામાં આવી છે. જેમાં ૬૦ પ્રતિનિધિઓ ગૌણ સેવા આયોગના રહેશે.

તેમણે જણાવ્યું હતું કે પરીક્ષા ખંડમાં પરીક્ષાર્થીને મોબાઈલ ફોન કે કોઈ પણ પ્રકારના વીજ ઉપકરણો સાથે પ્રવેશ આપવામાં આવશે નહિ. પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે જરુરી તમામ પગલાંઓ તંત્ર એ લીધા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગરમાંથી થર્ટી ફર્સ્ટ નાઈટમાં ચાર પીધેલા પકડાયા

ઈન્ફોસીટી પોલીસે ચારની ધરપકડ કરી : જબરદસ્ત પોલીસ બંદોબસ્તને પગલે પીધેલાઓએ રાત્રે રસ્તા પર નીકળવાનું ટાળ્યુ

ગાંધીનગર, તા.૧

થર્ટીફર્સ્ટની ડી.જે. પાર્ટીમાં દારૂ પીને છાકટા બન્યા બાદ જવાનું શોખીનોએ ટાળ્યું હતું. વાઈબ્રન્ટના પોલીસ બંદોબસ્તને લઈ શહેરના તમામ પ્રવેશદ્વારો પર જબરદસ્ત ચેકીંગના મેસેજ લઈ લીધા બાદ શોખીનોએ ઘરે કે કોઈ નિયત કરેલી બંધ જગ્યામાં દારૂની પાર્ટી કરી રસ્તાઓ પર ફરવાનું મોકુફ રાખતા આ થર્ટી ફર્સ્ટે માંડ ચાર શખ્સો પીધેલી હાલતમાં પકડાયા.

ઈન્ફોસીટી પોલીસ દ્વારા રાત્રે ચેકીંગ કરીને ચાર યુવાન શખ્સોને પીધેલી હાલતમાં પકડીને ચારેય સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી તો બીજી તરફ અન્ય એકેય પોલીસના ઝપટમાં દારૂડીયા ચઢયા ન હતાં. થર્ટી ફર્સ્ટની ડી.જે. પાર્ટીઓ પણ શાંતિપૂર્ણ માહોલમાં કોઈ બબાલ કે ધમાલ વગર સંપન્ન થઈ હતી. જિલ્લાભરમાં કોઈ અનિચ્છનીય બનાવ પણ બનવા પામ્યો નથી. એક તરફ વાઈબ્રન્ટના બંદોબસ્તમાં પોલીસ વ્યસ્ત છે ત્યારે આ થર્ટી ફર્સ્ટમાં કોઈ છેડતી જેવો કિસ્સો પણ ન બનતા પોલીસે પણ હાંશકારો અનુભવ્યો હતો.

શ્રી હેમા કલા કેન્દ્રના કલાકારો દ્વારા પેથાપુરમાં સ્વચ્છતા અભિયાન અંગે જાગૃતતા લાવવા એક ભવાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર.

નારદીપુરની કાજલ પટેલ મિસ ગુજરાત અને અમદાવાદનો રવિ મીના મિસ્ટર ગુજરાત બન્યા

ઈન્ફોસીટી કલબ રિસોર્ટ ખાતે યોજાયેલ મિસ ગુજરાત અને મિસ્ટર ગુજરાત સ્પર્ધામાં ચકદે ઈન્ડીયા ફેઈમ અભિનેત્રી શિલ્પા શુકલા હાજર રહી : ગાંધીનગરની અદિતિ જૈન ફર્સ્ટ રનર્સ અપ અને રીતુ શર્મા બેસ્ટ વોકમાં વિજેતા જયારે ભાવિક પંચાલ મિસ્ટર ગુજરાતમાં સેકન્ડ રનર્સ અપ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ઈન્ફોસીટી કલબ એન્ડ રિસર્ટ ખાતે તા. ૩૧મી ડિસેમ્બરની સંધ્યાએ મિસ્ટર ગુજરાત અને મિસ ગુજરાત મોડેલીંગ કોન્ટેસ્ટ યોજાઈ હતી. આ કોન્ટેસ્ટમાં ગાંધીનગર તાલુકાના નારદીપુર ગામની કાજલ પટેલ મિસ ગુજરાત બની હતી જયારે અમદાવાદના રવિ મીનાએ મિસ્ટર ગુજરાતનું ટાઈટલ જીત્યું હતું. આ કાર્યક્રમમાં ચક દે ઈન્ડિયા ફેઈમ અત્રિનેત્રી શિલ્પા શુકલા ઉપસ્થિત રહી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

જીનીયસ ઈવેન્ટસ દ્વારા આયોજિત આ મિસ ગુજરાત કોન્ટેસ્ટમાં અમદાવાદની આયુષી ભટ્ટ ફર્સ્ટ રનર્સ અપ અને ગાંધીનગરની અદિતિ જૈન સેકન્ડ રનર્સ અપ બની હતી જયારે ગાંધીનગરની વધુ એક યુવતિ રીતુ શર્માએ બેસ્ટ વોક તેમજ મહેસાણાની રીતુ શર્માએ બેસ્ટ સ્માઈલ ટાઈટલ જીત્યા હતાં. જયારે મિસ્ટર ગુજરાત સ્પર્ધામાં અમદાવાદના રવિ સંજય પંચાલ સેકન્ડ રનર્સ અપ બન્યા હતાં. જયારે સુરતના દર્શિન શાહને બેસ્ટ વોક, વડોદરાના રોહન ઠકકરને બેસ્ટ એટીટયુડ, વડોદરાના જ દિપેશ સોલંકીને બેસ્ટ ફિઝીકસ તેમજ હિંમતનગરના સિધ્ધરાજસિંહ સિસોદીયાને બેસ્ટ ડ્રેસીંગનો એવોર્ડ પ્રાપ્ત થયા હતાં.

આ કાર્યક્રમમાં ચક દે ઈન્ડિયા ફેઈમ અભિનેત્રી શિલ્પા શુકલા ઉપરાંત પાર્શ્વ ગાયક શાહિદ, ટેટુ માસ્ટર જાગૃતિ પરમાર જેમણે સતત ૫૦ કલાકથી વધુ સતત ટેટુ બનાવવાનો લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં રેકોર્ડ નોંધાવેલ છે તે સહિત ગુજરાતી ફિલ્મ પ્રોડયુસર ડીરેકટર સુનિલ લાલવાણી અને પૂર્વ મિસ ગુજરાત ગ્રીવા કંસારા ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમની કોરિયોગ્રાફી દુર્ગેશ શર્માએ કરી હતી અને ઈવેન્ટનું સંચાલન અમિત દવેએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આયોજક મનિષ આમંગ અને ડૉ. જહાનવીએ હાજર તમામનો આભાર માન્યો હતો. આ સ્પર્ધામાં રાજયના તમામ શહેરોમાંથી

મીના વિજેતા જાહેર થયા હતા અને દ્વારકાના કૈલાશ સોઢા ફર્સ્ટ રનર્સ અપ તેમજ ગાંધીનગરના ભાવિક ૨૦ યુવતિઓ અને ૪૦ યુવાનોની ફાઈનલ રાઉન્ડમાં પસંદગી કરાઈ હતી.

મૂકબધિર બાળકોના ચહેરાં પર સ્મિત રેલાવી યુવાનોએ નૂતનવર્ષને વધાવ્યું

ઉડાન સંસ્થાના યુવાનોએ એ સે-૨૮ના સમર્પણ મૂકબધિર શાળાના બાળકો સાથે નૂતનવર્ષની અનોખી ઉજવણી કરી

ગાંધીનગર તા.૧

ગાંધીનગર સહિત વિશ્વભરમાં નવા વર્ષના આગમનને ખૂબ જ હર્ષોલ્લાસથી વધાવવામાં આવ્યું.

ગાંધીનગરની ઉડાન સંસ્થાના યુવાનોએ કંઈક અનોખી રીતે નવા વર્ષના આગમનને ઉજવ્યુ હતું. તેમણે સે-૨૮ની સમર્પણ મૂકબધિર શાળાના બાળકોના ચહેરા પર નવા વર્ષનું સ્મિત રેલાવી દીધુ હતુ.

"ઉડાન" સંસ્થાએ સમર્પણ મૂકબધિર શાળાના ૫૦ જેટલા બાળકોને નવા વર્ષની શુભેચ્છારૂપે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન અને સે-૨૮ના બાલોધાનની મજાની સફર કરાવી હતી. એટલું જ નહી પરંતુ યુવાનોએ આ બાળકો સાથે નૂતન વર્ષની કેક કાપી અને તેમણે ભરપેટ નાસ્તો પણ કરાવ્યો હતો. આ સફરમાં જોડાનાર તમામ મૂકબધિર બાળકો આનંદથી પ્રફુલ્લિત થઈ ગયાં હતાં.

આ અનોખા કાર્યક્રમને સફળ બનાવવા ઉડાન સંસ્થાના ધર્મેન્દ્ર પરમાર, પ્રતિક રામાનુજ, ગાયત્રી પંચાલ, જયેન્દ્રસિંહ સોલંકી અને ધાર્મિક ચૌહાણે જહેમત ઉઠાવી હતી. તેમના આ સેવાકીય કાર્યને વીટકોસ સીટી બસ સર્વિસના હુસૈનભાઈ તથા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન તરફથી હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને તેમને બસ સર્વિસ અને પાર્કમાં પ્રવેશ વિના મૂલ્યે આપી યુવાનોની સેવાભાવનાની કદર કરી હતી. બાળકોના ચહેરા પર રેલાયેલા સ્મિતેઆ યુવાનોને નવાવર્ષની ઉજવણીનો આનંદ પૂરો પાડયો હતો.

આજે શાળા સંચાલક મંડળ અને આચાર્ય સંઘનું સંયુકત અધિવેશન મળશે

ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલ હીરામણી હોસ્ટેલ કેમ્પસ ખાતેના રંગમંચ પર તા. ૨જી જાન્યુઆરીએ અમદાવાદ જિલ્લા શાળા સંચાલક મંડળ અને અમદાવાદ જિલ્લા આચાર્ય સંઘનું સંયુકત શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાશે. આ અધિવેશનનો પ્રારંભ સવારે ૧૦ વાગે થશે જેનું ઉદઘાટન રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા કરશે જયારે આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ આર.આર. વરસાણી, અખિલ ગુજરાત રાજય સંચાલક મહામંડળના પ્રમુખ નારણભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી પદેથી વિદાય લઈ રહેલા એમ.કે. રાવલનો વિદાય શુભેચ્છા અને તેમના સ્થાને નિયુકિત પામેલા મહેશભાઈ જોષીનો શુભેચ્છા સમારંભ યોજાશે.

માર્ગ અને મકાનની ટીમને હરાવી નાણાં વિભાગની ટીમ સેમી ફાઈનલમાં

ગાંધીનગર તા.૧

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં નાણાં વિભાગની ટીમે માર્ગ અને મકાનની ટીમને ૫૬ રને હરાવી સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. નાણાં વિભાગની ટીમે ટોસ જીતીને બેટીંગ કરતાં ૩૫ ઓવરમાં ૧૮૨ રન ખડકયાં હતાં. જેમાં ધવલ અગ્રવાતના ૭ ચોગ્ગા સાથે ૩૬ રન, દિલિપસિંહ રાજપુતના ૫ ચોગ્ગા સાથે ૩૨ રન ઉપરાંત શૈલેષ પ્રજાપતિના ૩૨ રન અને અનિલ દેસાઈના ૨૩ રન મુખ્ય હતાં. માર્ગ મકાનની ટીમ વતી વી.ડી.પટેલે ૩ વિકેટ તેમજ ફિરોજ સીયાણી, સંજય વાકાણી અને મુકેશ સોલંકીએ ૨-૨ વિકેટ ઝડપી હતી.

નાણાં વિભાગે આપેલા ૧૮૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા માર્ગ મકાન વિભાગની ટીમ ૩૨.૩ ઓવરમાં માત્ર ૧૨૬ રને ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં અનિલ ચૌધરીના ૩૭ રન અને સંજય વાકાણીના ૨૩ રન મુખ્ય હતા. નાણાં વિભાગ વતી શૈલેષ પ્રજાપતિએ ૪ વિકેટ અને ધવલ અગ્રાવતે ૩ વિકેટ ખેરવી હતી. આ મેચમાં ઓલ રાઉન્ડ દેખાવ બદલ શૈલેષ પ્રજાપતિને મેન ઓફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

લાયોનેસ કલબ અને ગાયત્રી પરિવાર દ્વારા લોદરામાં આઈચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગરની લાયોનેસ કલબ, ગાયત્રી પરિવાર અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી દ્વારા પ્રોગ્રામ ઓફિસર ડો. શિલ્પાબેનના સહયોગથી લોદરાની પીટીસી કોલેજમાં આઈચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આઈચેકઅપ કેમ્પમાં લોદરાના ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કેમ્પમાં ૩૯૦ લોકોને ચશ્માનું વિતરણ કરાયું હતું. અને ૪૦ જેટલાં મોતિયાના ઓપરેશન પણ હાથ ધરાશે. આ કેમ્પમાં સિવિલ હોસ્પિટલના ઉર્વિશભાઈ તથા તેમના સાથી ડોકટરોએ સેવા આપી હતી જયારે લાયોનેસ કલબના પ્રમુખ ચંદાબેન યાદવ, સેકેટરી ડિમ્પલ દેસાઈ તેમજ કલબના સભ્યો અને ગાયત્રી પરિવારના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૩
સૂર્યાસ્ત : ૬.૦૪

તાપમાન

મહત્તમ : ૨૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૯ ટકા ● સાંજે ૬૭ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦. ૦૦
: સ્ક્રીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઇંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

વૃષભ : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોથઈ શકશે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

મિથુન : પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનું થશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

કર્ક : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

સિંહ : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

કન્યા : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

તુલા : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

ધન : સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

મકર : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

કુંભ : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.

ચિરવિદાય

- સ્વ. રેવાબેન અંબાલાલ ઠાકોર (ઉ.વ.૮૫) મુ. વડનગર, છત્રાલ, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રામાભાઈ શીવરામ પટેલ (ઉ.વ.૮૦) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. મંગાજી માધાજી ઠાકોર (ઉ.વ.૭) મુ. ગીયોડ, તા.જી. ગાંધીનગર
- સ્વ. શીતાબેન પોપટભાઈ દંતાણી (ઉ.વ. ૪૫) સે-૨૪, ઈન્દિરાનગર છાપરા, ગાંધીનગર